★ **૧૫/૩/૪૭૬** શ્રી કિરીટકુમાર પટેલ (પાટણ) : માનનીય મંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે –

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૭/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં ડીપ–સી પાઇપ લાઇન નાખવા અંગે ફીઝીબીલિટી સ્ટડી રીપોર્ટ ક્યારે તૈયાર કરવામાં આવેલ, | (૧) તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં અમદાવાદ, વડોદરા, અને જેતપુર ના ઔદ્યોગિક વિસ્તારના એફ્લુએન્ટ ના નિકાલ માટેની ડીપ–સી ડીસ્ચાર્જ પાઇપ લાઇનની યોજના માટે ફિઝીબીલિટી સ્ટડી રીપોર્ટ પાણી પૂરવઠા વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલ નથી.<br><br>રાજ્યમાં સરીગામ, સુરત, અંકલેશ્વર તથા ઝગડિયા, વાપી ખાતે ડીપ–સી પાઇપ લાઇન નાંખવા અંગે ફીઝીબીલિટી સ્ટડી રીપોર્ટ સંલગ્ન SPV દ્વારા કરાવવામાં આવેલ છે. |

| ક્રમાંક | પ્રોજેક્ટ | ફીઝીબીલિટી સ્ટડી રીપોર્ટ સમય |
|---|---|---|
| ૧ | સરીગામ | ૨૦૨૧–૨૨ |
| ૨ | સુરત | ૨૦૨૧–૨૨ |
| ૩ | અંકલેશ્વર તથા ઝગડિયા | ૨૦૨૧–૨૨ |
| ૪ | વાપી | ૨૦૧૮–૧૯ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) ઉક્ત રીપોર્ટ કઇ એજન્સી દ્વારા તૈયાર કરવામાં આવેલ, | (૨) ઉક્ત રિપોર્ટની કામગીરી પાણી પૂરવઠા વિભાગ દ્વારા કોઇ પણ એજન્સીને સોંપવામાં આવેલ નથી. ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ દ્વારા નીચે મુજબની એજન્સીઓ મારફત રીપોર્ટ તૈયાર કરેલ છે. |

| ક્રમાંક | પ્રોજેક્ટ | એજન્સી |
|---|---|---|
| ૧ | સરીગામ | મે. કદમ એંવાયરોનમેંટ કન્સલ્ટન્ટ |
| ૨ | સુરત | મે. એન્પ્રો એંવાયરોનમેંટ કન્સલ્ટન્ટ |

| | | |
|---|---|---|
| ૩ | અંકલેશ્વર તથા ઝગડિયા | મે. એંજીનીયર્સ ઈંડિયા લી. |
| ૪ | વાપી | મે. કદમ એંવાયરોનમેંટ કન્સલ્ટન્ટ |

(૩) ઉક્ત રીપોર્ટ સરકારને ક્યારે મળેલ, અને

(૩) અમદાવાદ, વડોદરા અને જેતપુર માટે લાગુ પડતું નથી. અન્ય જગ્યા માટે નીચેની વિગતે રીપોર્ટ કરેલ છે.

| ક્રમાંક | પ્રોજેક્ટ | સરકારશ્રીને પ્રોજેક્ટ રજુ કર્યા તારીખ |
|---|---|---|
| ૧ | સરીગામ | મે ૨૦૨૨ |
| ૨ | સુરત | ઓગસ્ટ ૨૦૨૨ |
| ૩ | અંકલેશ્વર તથા ઝગડિયા | ઓગસ્ટ ૨૦૨૨ |
| ૪ | વાપી | ઓગસ્ટ ૨૦૨૨ |

(૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત રીપોર્ટ પેટે કોને કેટલી રકમ ચુકવવામાં આવી?

(૪) અમદાવાદ, વડોદરા અને જેતપુર માટે લાગુ પડતું નથી. અન્ય જગ્યા માટે નીચેની વિગતે રકમ ચૂકવાયેલ છે.

| ક્રમાંક | પ્રોજેક્ટ | ચુકવણાની વિગતો |
|---|---|---|
| ૧ | સરીગામ | સદર કામ પેટે એજંસી ને ચુકવણુ સંલગ્ન SPV દ્વારા એજન્સીને રીપોર્ટ પેટે રૂ. ૬,૩૭,૫૦૦/- નું ચુકવણું કરવામાં આવેલ. |
| ૨ | સુરત | નિગમ દ્વારા આજદિન સુધી કોઇ ચુકવણું કરવામાં આવેલ નથી. |
| ૩ | અંકલેશ્વર તથા ઝગડિયા | સદર કામ પેટે સંલગ્ન SPV દ્વારા એજન્સીને રીપોર્ટ પેટે રૂ.૨,૩૦,૩૫,૦૦૦/- નું ચુકવણું કરવામાં આવેલ છે. |

| | | |
|---|---|---|
| ૪ | વાપી | નિગમ દ્વારા આજદિન સુધી કોઇ ચુકવણું કરવામાં આવેલ નથી. |

---